| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| મુખ્ય સેવિકામાંથી સીડીપીઓમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૦૮/૧૨/૨૦૨૧ | પ્રશ્નપત્ર – 3 | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | **SET – A** | કુલ ગુણ : - ૧૦૦ |

**1** સ્વ વિનંતિથી બદલી થયેલ કર્મચારીને ફરજ પર હાજર થવાનો કેટલો સમય મળી શકે?

**A** એક દિવસ

**B** સાત દિવસ

**C** પાંચ દિવસ

**D** હાજર થવાનો સમય મળી શકે નહિં

**2** તહેવાર પેશગી કેવા પ્રકારની પેશગી છે?

**A** વ્યાજૂકી પેશગી

**B** બિન વ્યાજૂકી પેશગી

**C** લાંબા ગાળાની પેશગી

**D** ઉપરમાથી કોઇ નહિ

**3** રજા પ્રવાસ રાહત પેશગી કેટલી મળે?

**A** અન્દાજીત ખર્ચના 2/5 ભાગ જેટલી

**B** અન્દાજીત ખર્ચના 3/5 ભાગ જેટલી

**C** અન્દાજીત ખર્ચના 4/5 ભાગ જેટલી

**D** કુલ અન્દાજીત ખર્ચ જેટલી

**4** ફરજ પર જોડાવાના સમય દરમ્યાન કેટલુ કાયમી સાફરી ભથ્થુ મળવા પાત્ર છે?

**A** જુના મથકના દરથી

**B** મળવા પાત્ર નથી

**C** નવા મથકના દરથી

**D** નવા અને જુના મથકના દરમાથી જે ઓછુ હોય તે

**5** રૂ. ___________થી ઓછી રકમનુ નુકસાન થયુ હોય તો હિસાબ/તપાસણી અધિકારીને જાણ કરવાની જરૂર નથી

**A** રૂ. 500

**B** રૂ 1000

**C** રૂ. 100

**D** 5000

**6** મકાન પેશગી મંજૂર કરવાની સત્તા કોને છે?

**A** ખાતાના વડા

**B** કચેરીના વડા

**C** નિયંત્રણ અધિકારી

**D** ઉપાડ અધિકારી

**7** અંગત પગાર એટલે શું?

**A** વધારાનો પગાર

**B** કાયમી પગાર કરતા ઓછો પગાર નક્કી થાય ત્યારે કર્મચારીને જતા નુકસાનને સરભર કરવા માટે આપવામાં આવતો પગાર

**C** ખાસ કામગીરી માટે આપવામાં આવતો પગાર

**D** કર્મચારીની ખાસ આવડત/ લાયકાત માટે આપવામાં આવતો પગાર

**8 પતિ પત્ની બન્ને સરકારી કર્મચારી હોય અને બન્નેને મકાન પેશગી મેળવવા પાત્ર હોય તો...**

A બન્નેને પેશગી મળે

B બન્નેને પેશગી ન મળે

C બન્નેમાથી કોઇ એક ને મળે

D બને ને 50% મળે

**9 મકાન બાંધકામ પેશગીના દસ્તાવેજો સમયસર રજૂ કરવામાં ન આવે તો કયા દરે દંડકીય વ્યાજ લેવામાં આવે છે?**

A 0.0275

B 0.02

C 0.03

D 0.05

**10 મકાન પેશગીની વસૂલાત બાકી હોય અને કર્મચારીનુ મૃત્યુ થાય તો પેશગીની વસૂલાત કેવી રીતે કરવાની થાય?**

A વારસદાર પાસેથી

B અવસાન પામેલ કર્મચારી ને ચૂકવવાપાત્ર રકમ માથી

C વસૂલાત કરવાની રહેતી નથી

D પેન્શનમાંથી

**11 સરકારી નોકરીમાં પ્રથમ નિમણૂંક થયેલી વ્યક્તિને મળવાપાત્ર પગાર એટલે**

A અંગત પગાર

B સંભાવી પગાર

C પેંશન પાત્ર પગાર

D ન્યૂનતમ પ્રારંભિક પગાર

**12 કઇ રજાને અન્ય રજા સાથે જોડી શકાતી નથી?**

A હક્ક રજા

B આકસ્મિક રજા

C અર્ધ પગારી રજા

D રૂપાંતરિત રજા

**13 અસાધારણ રજા દરમ્યાન કયો પગાર મળવાપાત્ર છે?**

A પગાર ના મળે

B પૂરો પગાર

C અર્ધો પગાર

D મોંઘવારી ભથ્થુ બાદ કરીને મળવા પાત્ર પગાર

**14 અનાજ પેશગી કેટલા હપ્તામાં વસૂલ કરવામાં આવે છે?**

A ૨૦ હપ્તા

B ૧૫ હપ્તા

C ૧૨ હપ્તા

D ૧૦ હપ્તા

**15 રાજા પ્રવાસ રાહત પેશગી મંજૂર થયાના કેટલા દિવસમાં પ્રવાસ શરૂ કરવામા ન આવે તો પેશગી રિફંડ કરવાની રહે છે?**

A 7 દિવસ

B 10 દિવસ

C 5 દિવસ

D 15 દિવસ

**16 વિવેકાધીન ગ્રાંટ નીચેનામાંથી કોને હસ્તક મુકવામાં આવે છે?**

A કલેક્ટર

B પોલીસ મહાનિર્દેશક

C જિલ્લા શિક્ષણ અધિકારી

D ઉપરના બધા

**17 રાજ્યેતર સેવા એટલે શું?**

**A** જે કર્મચારીનો પગાર કેન્દ્ર કે રાજ્ય સરકાર ના એકત્રિત ભંડોળ સિવાયના ભંડોળમાં પડતો હોય તેવી સેવા

**B** જે કર્મચારીનો પગાર કેન્દ્ર સરકારના એકત્રિત ભંડોળ પડતો હોય તેવી સેવા

**C** જે કર્મચારીનો પગાર રાજ્ય સરકારના એકત્રિત ભંડોળ પડતો હોય તેવી સેવા

**D** ઉપરમાંથી કોઇ નહિ

**18 અધિકારી "અ" ની સૂરત થી અમદાવાદ જાહેર હિતમાં બદલી થતાં તેઓ મૂળ જગાનો હવાલો તા. ૦૭-૦૯-૨૦૨૦ (પ્રથમ શનિવાર) ના રોજ કચેરી/ બપોર સમય બાદ છોડી અમદાવાદ ખાતે નવી જગા ઉપર ૧૩-૦૯-૨૦૨૦ (શુક્રવાર) ના રોજ કચેરી/ બપોર સમય પહેલાં હાજર થાય છે. તો બીજા તબક્કામાં તેઓને કેટલા દિવસની "ખાસ પ્રાસંગિક રજાઓ" બાકી રહેલ હાજર થવાના સમયના બદલામાં મળવાપાત્ર થશે.**

**A** 1

**B** 2

**C** 3

**D** 4

**19 ગુ.મુ સેવા (ફરજ પર જોડાવાના સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો ૨૦૦૨ હેઠળ નિયમાનુસાર મળવાપાત્ર ત્રીસ દિવસ કરતાં વધુ લાંબો સમયગાળો ફરજ પર જોડાવાના સમયના અનુસધાંને મંજૂર કરવાની સત્તા કોને છે ?**

**A** નિયંત્રણ અધિકારીને

**B** કચેરીના વડાને

**C** ખાતાના વડાને

**D** આકારણી અને ચૂકવણી અધિકારીને

**20 નીચેના માથી કયા સંજોગોમાં માનદ વેતન મંજૂર કરી શકાય નહિં ?**

**A** કાયદેસરની ફરજના ભાગરૂપે હોય તેવી કામગીરી માટે

**B** કર્મચારી ની જવાબદારી પૈકીની કોઇ એક જવાબદારી માટે

**C** જે બોર્ડ કે સમિતિની નાણાકીય જવાબદારી એકત્રિત ભંડોળમાં પડતી હોય તેવા બોર્ડ કે સમિતિ ને મિટિંગમાં હાજરી આપવા

**D** ઉપરના બધા

**21 પતિ અને પત્ની બન્ને સરકારી નોકરીમાં હોય અને સાથે પોતાના મકાનમાં રહેતા હોય તો ઘરભાડા ભથ્થુ કોને મળવા પાત્ર છે?**

**A** બન્નેમાથી કોઇ એક ને જ મળે

**B** બન્નેમાથી જેને વધુ મળવાપાત્ર હોય તેને મળે

**C** બન્નેને મળે

**D** બન્નેમાથી જેને ઓછુ મળવાપાત્ર હોય તેને મળે

**22 નાણાકીય નિયમો મુજબ કરારની મુદત અંગે શું જોગવાઇ છે?**

**A** કરારની મુદત ૧૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહિ

**B** કરારની મુદત ચોક્કસ અને સ્પષ્ટ હોવી જોઇએ

**C** કરારની મુદત ૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહિ

**D** કરારની મુદત ૨૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહિ

**23 અજમાયશી અજમાયશનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરે તો .............**

**A** અજમાયશનો સમય ઇજાફાપાત્ર સમય ગણીને ઇજાફા અને તફાવત મળે

**B** ફક્ત ઈજાફો ગણાય પણ તફાવત ના મળે

**C** ઇજાફો કે તફાવત કશુંજ ના મળે

**D** ઉપરોક્તમાંથી કોઈ નહી.

**24 સરકારી કર્મચારી જ્યારે નહીં ભોગવેલ ફરજ પર  હાજર થવાનો સમય બીજા ભાગમાં ભોગવે ત્યારે તે સમયને પગાર ભથ્થાના હેતુસર કઈ રીતે ગણવામાં આવશે.**

**A** ખાસ રજા તરીકે

**B** ખાસ પ્રકારની પરચૂરણ રજા

**C** અર્ધ - પગારી રજા તરીકે

**D** નોકરીમાં તુટ તરીકે

**25 નીચેનામાંથી શેનો પગારમાં સમાવેશ થતો નથી?**

**A** કાર્યકારી પગાર

**B** માનદ વેતન

**C** અંગત પગાર

**D** ઉપરમાંથી કોઇ નહિ

**26 કચેરીમાં કામ કરતા  કર્મચારીઓ / અધિકારીઓનો સામાન્ય ક્રમ તરીકે ઈજાફો મજુંર કરવાની સત્તા કોની છે ?**

**A** ઉપાડ અધિકારી

**B** નાયબ સચિવશ્રી (સેવા)

**C** નિયત્રંણ અધિકારી

**D** ઉપરોક્તમાંથી કોઈ નહી.

**27 અપરિપક્વ ઇજાફો મંજૂર કરવાની સત્તા કોને છે?**

**A** ખાતાના વડા

**B** જગા મંજૂર કરવાની સત્તા ધરાવતા

**C** વહિવટી વિભાગને

**D** નાણા વિભાગને

**28 સરકારી નોકરી કરતા તબીબી અધિકારીને ખાનગી વ્યવસાય નહિ કરવા બદલ મળતા વળતર ભથ્થાને શું કહેવાય છે?**

**A** વળતર ભથ્થુ

**B** અંગત પગાર

**C** ખાસ ભથ્થુ

**D** નોન પ્રેક્ટીસિંગ ભથ્થુ

**29 નિયામકશ્રી પેંશન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં કામ કરતાં એક કર્મચારીની બદલી તેજ બિલ્ડીંગમાં આવેલ નિયામકશ્રી હિસાબ અને તિજોરીની કચેરીમાં જાહેર હિતમાં થાય છે. તો તેઓને ફરજ પર હાજર થવાનો સમય કેટલો મળવાપાત્ર થાય છે?**

**A** એક દિવસ

**B** બે દિવસ

**C** છ દિવસ

**D** હાજર થવાનો સમય મળવાપાત્ર નથી

**30 નીચેનામાથી કયા તહેવાર માટે તહેવાર પેશગી મળવાપાત્ર નથી**

**A** વૈશાખી પૂર્ણીમા

**B** રમજાન ઇદ

**C** પતેતી

**D** ઉપર માથી કોઇ નહિ

**31 નોકરીનો સમય ગણવામાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે?**

**A** અજમાયશી તરીકેનો સમયગાળો

**B** તાલીમ દરમ્યાનનો સમયગાળો

**C** હાજર થવાનો સમયગાળો

**D** ઉપરના બધા

**32 હકદાર ન હોય તેવા સરકારી કર્મચારી હવાઇ માર્ગે મુસાફરી કરે તો કેટલું ભાડુ મળે ?**

**A** તેઓ હકદાર હોય તે વર્ગ નું બસ ભાડાની મર્યાદામાં મળે

**B** ખરેખર ચૂકવેલ હવાઇ ભાડુ મળે

**C** તેઓ હકદાર હોય તે વર્ગનું રેલ્વે ભાડાની મર્યાદામાં મળે

**D** બિલકુલ ન મળે

**33 સરકાર દ્વારા કરવામાં આવતા કરવામાં આવ તા કરાર બાબતે શુ સાચુ છે?**

**A** કરારની મુદત ચોક્કસ અને સ્પષ્ટ હોવી જોઇએ

**B** કરારની મુદત બાબતે ખોટા અર્થઘટનને અવકાશ ન હોવો જોઇએ

**C** ઉચ્ચક રકમના કરાર કરવા નહિ

**D** ઉપરના બધા

**34 સરકારી વાહનની સુવિધા આપવામાં આવી હોય તેવા કર્મચારીને કેટલુ પરિવહન ભથ્થુ(ટ્રાંસપોર્ટ એલાઉંસ) મળવા પાત્ર છે?**

**A** પરિવહન ભથ્થુ મળે નહિ

**B** પરિવહન ભથ્થુ પુરેપુરૂ મળે

**C** ૫૦% જેટલુ પરિવહન ભથ્થુ મળે

**D** ૨૦% જેટલુ પરિવહન ભથ્થુ મળે

**35 કોઇપણ સરકારી કર્મચારીને ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે વધુમાં વધુ કેટલી વખત મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થાય ?**

**A** 1

**B** 2

**C** 3

**D** 4

**36 સરકારી નાણા સરકારી તિજોરીમા જમા કરાવવા કયા ફોર્મનો ઉપયોગ થાય છે?**

**A** ચલણ

**B** બિલ

**C** પહોચ

**D** બેંક સ્લીપ

**37 એક મહિલા કર્મચારીએ છ માસની નોકરી કરી હોય તો તેને પ્રસુતિની કેટલી રજાનો રજા પગાર મળવા પાત્ર થાય?**

**A** રજા પગાર ન મળે

**B** ૯૦ દિવસ

**C** ૧૨૦ દિવસ

**D** ૧૫૦ દિવસ

**38 સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા માટે કેટલા સમયની નોટિસ આપવી પડે છે?**

**A** એક માસ

**B** બે માસ

**C** ત્રણ માસ

**D** ચાર માસ

**39 સરકાર દ્વારા કરવાનમાં આવતા કરારમાં કેવી શરતો વાળો કરાર સામાન્ય રીતે કરવો જોઇએ નહિ?**

**A** ચોક્કસ જવાબદારી વાળો

**B** નિશ્ચિત રકમ વાળો

**C** અચોક્કસ જવાબદારી વાળો

**D** સ્પષ્ટ સમયગાળા વાળો

**40 સરકારી કર્મચારીએ વાહન ભથ્થાની મંજૂરીની પત્રતા માટે ઓછા માં ઓછા કેટલા માસની લોગબુક નિભાવવાની રહે છે?**

**A** એક માસ

**B** બે માસ

**C** ત્રણ માસ

**D** ચાર માસ

**41 અંધ તથા શારીરિક ખોડખાંપણ વાળા કર્મચારીઓ સિવાયના કર્મચારીઓને પરિવહન ભથ્થું ક્યારે મળવાપાત્ર નથી ?**

**A** ફરજના સ્થળ ઉપરના કેમ્પસમાં રહેતા હોય

**B** ફરજના સ્થળેથી એક કિ.મી.ના અંતરમાં રહેતા

**C** સરકારી વાહનની સુવિધા આપવામાં આવી

**D** વિકલ્પોમાં જણાવેલ તમામ કિસ્સાઓમાં

**42 એક અધિકારીની બદલી થતા નવા સ્થળે ફરજ પર હાજર થઇ સરકીટ હાઉસ (વિશ્રામગૃહ) માં રહેતા હોઈ તે સરકારી અધિકારીને તેવા રહેઠાણના સમયગાળા માટે ઘરભાડા ભથ્થું કેટલું મળવાપાત્ર થાય ?**

**A** નવા મથક મુજબ ઘરભાડા ભથ્થું મળે.

**B** જુના મથકના બમણા દરે ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે.

**C** સક્ષમ અધિકારીના વિવેક અનુસાર ઘરભાડા ભથ્થું મંજુર કરી શકે છે.

**D** ઘરભાડા ભથ્થું મળી શકે નહિ.

**43 અધિકારીના હવાલે જાહેર સુખાકારી તથા જાહેર કલ્યાણના હેતુસર ફાળવેલ ગ્રાંટને આપેલ વિકલ્પમાંથી કઈ ગ્રાંટ તરીકે ઓળખવામાં આવશે.**

**A** સુખાકારી ગ્રાંટ

**B** વિવેકાધીન ગ્રાંટ

**C** જાહેર હેતુસરની ગ્રાંટ

**D** પ્રતીક ગ્રાંટ

**44 ખાતાના વડા અધિકારીઓના સેવાના રેકર્ડની જાળવણી કોણ કરે છે?**

**A** વહિવટી વિભાગ

**B** એ.જી. કચેરી

**C** પાગાર અને હિસાબ અધિકારીની કચેરી

**D** નાણા વિભાગ

**45 ગુ.મુ સેવા (ફરજ પર જોડાવાના સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો ૨૦૦૨ હેઠળ ફરજ પર હાજર થવા ફરજિયાત રોકાણના ૧૫ દિવસ સુધીના સમયને નિયમિત કરવાની સત્તા કોને આપવામાં આવેલ છે?**

**A** ખાતાના વડાને

**B** વહીવટી વિભાગને

**C** કચેરીના વડાને

**D** નિયંત્રણ અધિકારીને

**46 બીલમાં વધુ આકારેલ રકમ અંગેની મુખ્યત્વે જવાબદારી કોની થાય છે?**

**A** તિજોરી અધિકારીની

**B** નિયંત્રણ અધિકારીની

**C** બિલ આકારનારની

**D** એ.જી.ના અધિકારીની

**47 મૂળ જગા ઉપરાંતનો હવાલો સંભાળતા કર્મચારીને મળતા વધારાના ભથ્થાને શું કહેવામાં આવે છે?**

**A** ખાસ પગાર

**B** કાર્યકારી પગાર

**C** માનદ વેતન

**D** અંગત પગાર

**48 કર્મચારી રજા પર જાય ત્યારે તેના પગારની ગણતરી કેવી રીતે થાય છે?**

- **A** પાંચ માસના સરેરાશ પગાર જેટલો પગાર ગણવામાં આવે છે
- **B** દસ માસના સરેરાશ પગાર જેટલો પગાર ગણવામાં આવે છે
- **C** કર્મચારી રજા પર જતા પહેલા જે પગાર મેળવતો હોય તે પગાર
- **D** ઇજાફો આપીને નક્કી થતો પગાર

**49 આપેલ વિધાનોની ચકાસણી કરો.**

**૦૧.રજા મંજૂર કરનાર અધિકારી રજાનો પ્રકાર બદલી શકે છે.**

**૦૨.રજા મંજૂર કરનાર અધિકારી રજા ના મંજૂર કરી શકે છે.**

**૦૩.રજાની હક્ક તરીકે માંગણી કરી શકાય.**

**૦૪.રજા મંજૂર કરનાર રજાનો સમયગાળો બદલી શકે.**

- **A** ૧,૨,૩ સાચાં છે અને ૪ ખોટું છે.
- **B** ૨ સાચું છે અને ૧,૩,૪ ખોટું છે.
- **C** ૧,૩,૪ સાચાં છે અને ૨ ખોટું છે.
- **D** ૨,૩ સાચાં છે અને ૧,૪ ખોટું છે.

**50 બિન સરકારી નાણાનો હિસાબ રાખવા અંગે શું જોગવાઇ છે?**

- **A** બિન સરકારી નાણાનો સરકારી નાણા સાથે જ હિસાબ રાખવો જોઇએ
- **B** બિન સરકારી નાણાનો અલગ ચોપડામા હિસાબ રાખવો જોઇએ
- **C** બિન સરકારી નાણાનો હિસાબ રાખવાનો રહેતો નથી
- **D** ઉપર માથી કોઇ નહિ

**51 વિવેકાધિન ગ્રાંટનો ઉપયોગ શેના માટે થઇ શકે?**

- **A** સમાજના કોઇ એક વર્ગની સુખાકારી માટે
- **B** તાત્કાલીક પૂર રાહત આપવા માટે
- **C** જાહેર ઉપયોગીતા અને કલ્યાણ સેવા માટે
- **D** કચેરી ખર્ચ માટે

**52 સરકારમાં નાણા ભર્યા અંગેની પહોચ ખોવાઇ જાય તો શુ કાર્યવાહી થઇ શકે?**

- **A** ડુપ્લિકેટ પહોચ આપી શકાય
- **B** નાણા જમા કરાવ્યાનુ પ્રમાણ પત્ર આપી શકાય
- **C** નવી પહોચ આપી શકાય
- **D** કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી

**53 રોકડ સિલકની આકસ્મિક ખરાઇ કચેરીના વડા દ્વારા ક્યારે કરવાની હોય છે?**

- **A** દર માસે
- **B** દર ત્રણ માસે
- **C** દર વર્ષે
- **D** દર છ માસે

**54 આવક સમયસર એક્ત્રિત નિધિ કે જાહેર હિસાબમાં યોગ્ય રીતે જમા લેવાય તેની જવાબદારી કોની છે?**

- **A** નિયંત્રણ અધિકારી
- **B** ઉપાડ અને વહેચણી અધિકારી
- **C** તિજોરી અધિકારી
- **D** એ. જી. કચેરી

**55 કર્મચારીની સળંગ કેટલા સમયથી વધુની કોઇ પણ પ્રકારની રજા મંજૂર કરી શકાય નહિ?**

- **A** છ માસ
- **B** એક વર્ષ
- **C** પાંચ વર્ષ
- **D** ત્રણ વર્ષ

**56** હાજર થવાના સમય દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થુ કેટલું મળવાપાત્ર છે ?

**A** કાયમી મુસાફરી ભથ્થુ જુના મથકના દરથી મળે

**B** નવા મથકના દર મુજબ મળે

**C** બંને મથકમાં જે ઓછું હોય તે દરથી મળે

**D** કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી

**57** વાહન ભથ્થું મેળવવા અર્થે સત્તાવાર ફરજ ઉપર માસિક સરેરાશ કેટલા કિલો-મીટર કરતાં વધુનો પ્રવાસ કરવાનો જરૂરી રહે છે?

**A** ૧૦૦ કિ.મી

**B** ૨૦૦ કિ.મી

**C** ૩૦૦ કિ.મી

**D** ૪૦૦ કિ.મી

**58** સતત કેટલા વર્ષ કરતા વધુ ની મંજૂર કરવામાં આવેલી રજા, નોકરીમાં તૂટ ગણાશે?

**A** ૧ વર્ષ

**B** ૨ વર્ષ

**C** ૩ વર્ષ

**D** ૫ વર્ષ

**59** ગેરવર્તનના કારણે નોકરીમાંથી છૂટા કરાયેલા કર્મચારીને કયું પેન્શન મળવા પાત્ર છે?

**A** રહેમિયત પેન્શન

**B** અશક્તતા પેન્શન

**C** કામચલાઉ પેન્શન

**D** કોઇ પેન્શન ન મળે

**60** એકત્રિત ફંડમાંથી સરકારી કર્મચારીને પ્રાસંગિક પ્રકારના વિશિષ્ટ કાર્ય માટે મહેનતાણાં તરીકે મંજૂર કરવામાં આવતી ચૂકવણી ને શું કહેવામાં આવે છે?

**A** ફી

**B** માનદ વેતન

**C** ખાસ પગાર

**D** અંગત પગાર

**61** બદલી થયા પછી નવા સ્થળે કર્મચારીને મકાન ન ફળવાયેલુ હોય અને જુના સ્થળે રહેતા હોય તો કેટલા સમય સુધી જુના સ્થળના દરે ઘરભાડા ભથ્થુ આકારી શકાય ?

**A** ત્રણ માસ

**B** છ માસ

**C** નવ માસ

**D** બે માસ

**62** સેવાપોથીની ખરાઇ અંગે શું જોગવાઇ છે?

**A** દર વર્ષે જાન્યુઆરી માસમાં કરવી જોઇએ

**B** નાણાકીય વર્ષના અંતે કરવી જોઇએ

**C** કર્મચારીની બદલી અન્ય કચેરીમાં થાય ત્યારે કરવી જોઇએ

**D** કેલેન્ડર વર્ષના અંતે કરવી જોઇએ

**63** કેટલા સમયથી વધુ સમય માટે ખાલી જગ્યા આપોઆપ રદ થાય છે?

**A** ૩ વર્ષ

**B** ૧ વર્ષ

**C** ૫ વર્ષ

**D** ૭ વર્ષ

**64** નીચેના પૈકી સરકાર તરફથી દરેક કરાર વખતે કોને પક્ષકાર તરીકે રાખવામાં આવે છે?

**A** રાજ્યપાલ

**B** મુખ્ય મંત્રી

**C** નાણા મંત્રી

**D** મુખ્ય સચિવ

**65** **અનાજ પેશગી કોને મળવાપાત્ર છે?**

**A** વર્ગ 4 ના કર્મચારીઓને

**B** વર્ગ 3 સુધીના કર્મચારીઓને

**C** વર્ગ 2 સુધીના કર્મચારીઓને

**D** વર્ગ 1 સુધીના કર્મચારીઓને

**66** **એક સરકારી કર્મચારીની જાહેર હિતમાં બદલી નડિયાદ થી ભરૂચ ખાતે થાય છે. તેઓ પોતાની જગ્યાનો હવાલો તા.૧૭-૦૯-૨૦૨૦ (સોમવાર) ના રોજ બપોર પહેલા સોંપી છુટા થાય છે.તા.૧૯-૦૯-૨૦૨૦ (બુધવાર)ના રોજ સંવત્સરી ની રજા છે. તા.૨૨-૦૯-૨૦૨૦ના રોજ ચોથો શનિવાર તથા તા.૨૩-૦૯-૨૦૨૦ના રોજ રવિવારની રજા હોય તો તેઓએ ભરૂચ ખાતે સામાન્યરીતે મળવાપાત્ર ફરજ પર જોડવાનો સમય ભોગવી ક્યારે હાજર થવું તે જણાવો.**

**A** ૨૬-૦૯-૨૦૨૦ બપોર પહેલાં

**B** ૨૫-૦૯-૨૦૨૦ બપોર પહેલાં

**C** ૨૩-૦૯-૨૦૨૦ બપોર પહેલાં

**D** ૨૭-૦૯-૨૦૨૦ બપોર પછી

**67** **જુદા એકમ તરીકે મંજૂર કરવામાં આવેલા સેવા કે ભાગનું સંખ્યાબળ એટલે...**

**A** સંવર્ગ

**B** મહેકમ

**C** ખાતુ

**D** વિભાગ

**68** **સરકારી તિજોરીમાં જમાં કરાવેલ અનામત કેટલા સમય સુધી ઉપાડવામાં ન આવે તો તે રદ થાય છે?**

**A** ત્રણ પૂરા નાણાકીય વર્ષ

**B** બે પૂરા નાણાકીય વર્ષ

**C** ચાર પૂરા નાણાકીય વર્ષ

**D** પાંચ પૂરા નાણાકીય વર્ષ

**69** **સરકારી કર્મચારી કોઇ પણ પ્રકારની કેટલી રજા પર હોય તો તેને ઘરભાડા ભથ્થુ પુરેપુરૂ મળવાપાત્ર થશે ?**

**A** ૯૦ દિવસ

**B** ૧૦૦ દિવસ

**C** ૧૫૦ દિવસ

**D** ૧૮૦ દિવસ

**70** **પોતાની જગા કરતા નીચલી જગાનો ચાર્જ સંભાળવા બદલ કેટલુ મહેંતાણુ મળે છે?**

**A** સંભાવી પગારના ૫%

**B** સંભાવી પગારના ૨.૫%

**C** સંભાવી પગારના ૧૦%

**D** વધારાનું મહેંતાણુ મળવાપાત્ર નથી

**71** **એક કર્મચારી પાસે રજાના હિસાબમાં ૫૦ અર્ધ પગારી રજાનું સિલક જમા છે. આ કર્મચારીને મેડીકલ ઓફીસર દ્વારા 30 દિવસ માટે આરામની સલાહ આપતુ મેડીકલ પ્રમાણપત્ર આપવામાં આવે છે. તો આ કર્મચારીને કેટલા દિવસની રજા મંજુર કરી શકાય ?**

**A** ૨૫ દિવસની રૂપાંતરિત રજા

**B** 30 દિવસની અર્ધ પગારી રજા

**C** 30 દિવસની રૂપાંતરિત રજા

**D** આપેલ વિકલ્પો પૈકી ૨૫ દિવસની રૂપાંતરિત રજા અથવા 30 દિવસની અર્ધ પગારી રજા

**72** **ખાતાના વડા તરીકે કોઇ અધિકારીને જાહેર કરવાની સત્તા કોને છે?**

**A** વિધાનસભા

**B** વહિવટી વિભાગ

**C** રાજયપાલ

**D** મંત્રી મંડળ

**73** **નાણાકીય વર્ષ દરમ્યાન તહેવાર પેશગી કેટલી વાર લઇ શકાય?**

**A** એક જ વાર **B** બે વાર

**C** દરેક તહેવાર વખતે **D** ત્રણ વાર

**74** **ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીના કુટુંબને વતનમાં જવા માટે મુસાફરી ખર્ચના કેટલા ટકા પેશગી મળવા પાત્ર છે?**

**A** ૮૦ ટકા **B** ૭૫ ટકા

**C** ૧૦૦ ટકા **D** પેશગી મળવાપાત્ર નથી

**75** **ફરજ પર જોડાવાનો સમય ક્યારે લંબાવી ના શકાય?**

**A** સરકારી કર્મચારી મુસાફરી દરમ્યાન બિમાર પડ્યો હોય **B** છૂટા થયેલ કર્મચારીને નિમણૂંકના સ્થળે હુકમો માટે પ્રતિક્ષા કરવી પડે

**C** ફરજ પર જોડાવાનો સમય પૂર્ણ થયા પછી પણ કર્મચારી જાણી જોઇને ગેરહાજર રહે **D** પ્રાપ્ત રજા પરથી પરત ફરતા નવી જગાએ હાજર થવા માટે

**76** **જે સરકારી કર્મચારી ના જન્મના વર્ષની જાણ હોય પરંતુ જન્મ તારીખની જાણ ન હોય તે કર્મચારીની જન્મ તારીખ કઇ ગણવામાં આવે છે?**

**A** ૧લી જાન્યુઆરી **B** ૧લી જુલાઇ

**C** ૩૦મી જુન **D** ૩૧મી ડીસેમ્બર

**77** **પેશગી મળ્યા પછી કેટલા માસમાં સામાન્ય રીતે તૈયાર મકાનની ખરીદી કરી લેવી પડે?**

**A** ૬ માસ **B** ૩ માસ

**C** ૯ માસ **D** ૧ માસ

**78** **આપેલ વિકલ્પો પૈકી કયા કિસ્સા(ઓ)માં સરકારી કર્મચારીના રાજીનામાનો અસ્વીકાર કરવામાં આવશે ?**

**A** કર્મચારી પાસે સરકારની કોઇ રકમ લેણી હોય **B** કર્મચારી ફરજ મોકૂફી હેઠળ હોય

**C** કર્મચારી વિરૂધ્ધ કોઇ ખાતાકીય તપાસ કે ફોજદારી કાર્યવાહી ચાલુ હોય કે બાકી હોય. **D** વિકલ્પોમાં જણાવેલ તમામ કિસ્સાઓમાં

**79** **નોકરીમાથી છૂટા કરવામાં આવેલા કર્મચારીને ફરી નોકરીમાં લેવામાં આવે તો કેટલા સમય સુધી અગાઉ રજૂ કરેલ તબીબી પ્રમાણપત્ર માન્ય રાખી શકાય?**

**A** નવ માસ **B** ત્રણ માસ

**C** ૭ માસ **D** એક વર્ષ

**80** **રજા પ્રવાસ રાહત માટે સમગ્ર નોકરી દરમ્યાન મહતમ કેટલી રજાનુ રોકડમાં રૂપાંતર કરી શકાય છે?**

**A** ૧૦ દિવસ **B** ૩૦ દિવસ

**C** ૬૦ દિવસ **D** ૯૦ દિવસ

**81 નીચેનામાંથી કયુ ભથ્થુ વળતર ભથ્થુ નથી?**

**A** મોંઘવારી ભથ્થુ **B** ઘરભાડા ભથ્થુ

**C** મુસાફરી ભથ્થુ **D** સ્થાનિક વળતર ભથ્થુ

**82 ધારણાધિકાર ક્યારે પ્રાપ્ત થાય?**

**A** કાયમી જગા પર હંગામી નિમણૂક થાય ત્યારે **B** હંગામી જગા પર કાયમી નિમણૂક થાય ત્યારે

**C** કાયમી જગા પર કાયમી નિમણૂક થાય ત્યારે **D** હંગામી જગા પર હંગામી નિમણૂક થાય ત્યારે

**83 ખાતાના વડાની કચેરીની કાયમી પેશગી કોણ મંજૂર કરે છે?**

**A** પગાર અને હિસાબ કચેરી **B** ઓડીટ કચેરી

**C** સંબંધિત વહીવટી વિભાગ **D** નાણા વિભાગ

**84 હિસાબી અધિકારી વર્ગ - ૨ ની એક ખાલી જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ હિસાબી અધિકારી વર્ગ - ૧ ને કેટલો ખાસ પગાર મળે ?**

**A** સંભવિત પગારના ૫ ટકા **B** સંભવિત પગારના ૧૦ ટકા

**C** મળતા પગારના ૫ ટકા **D** ખાસ પગાર ન મળે

**85 મકાન પેશગીના નાણા ઉપાડતા પહેલા કર્મચારી દ્વારા કેટલુ અંગત રોકાણ કરેલુ હોવુ જોઇએ ?**

**A** મકાન પેશગીની રકમના ૫% **B** મકાન પેશગીની રકમના ૧૦%

**C** મકાન પેશગીની રકમના ૧૫% **D** મકાન પેશગીની રકમના ૨૦%

**86 ઓછામાં ઓછી કેટલી નોકરી પૂર્ણ કર્યા પછી અશક્તતા પેન્શન મળવા પાત્ર થાય?**

**A** પંદર વર્ષ **B** સાત વર્ષ

**C** પાંચ વર્ષ **D** દસ વર્ષ

**87 વર્ગ ૪ નાં કર્મચારીઓની મકાન પેશગી મંજૂર કરવાની સત્તા કોની છે?**

**A** કલેક્ટર **B** વિભાગીય વડા

**C** ખાતાના વડાને **D** કચેરીનાં વડા

**88 વધુ મહત્વની કે જવાબદારી વાળી ન હોય તેવી બીજી જગા પર કર્મચારીની નિમણૂક થાય અને નવી જગાના પગાર ધોરણમા તે તબક્કો આવતો ન હોય ત્યારે ...**

**A** જુની જગાના પગાર ધોરણ મુજબ પગાર આપવો **B** નવા પગાર ધોરણમાં ઉપલા તબક્કે પગાર આપવો

**C** નવી જગાના પગાર ધોરણમાં નીચલા તબક્કે પગાર નક્કી કરી તફાવત અંગત પગાર તરીકે આપવો **D** નવા પગાર ધોરણમાં નીચલા તબક્કે પગાર આપવો

**89 કોઇ વસ્તુ માટે નિયત દરે મૂળ કિંમતમાંથી ઘસારાની રકમ બાદ કરતા શેષ રકમને _______કહેવાય છે**

**A** ફેરબદ્‌લી કિંમત **B** ચોપડે કિંમત

**C** બજાર કિંમત **D** નિયત કિંમત

**90 જન્મ તારીખમાં ફેરફાર કરવાની વિનંતિ ક્યારે સ્વીકાર કરી શકાય નહિ?**

**A** નોકરીમાં હાજર થઇ ગયા પછી

**B** સેવા પોથી તૈયાર થઇ ગયા પછી

**C** તાલીમ પૂર્ણ થઇ ગયા પછી

**D** અજમાયશી સમય ગાળો કે પાંચ વર્ષ બેમાંથી જે વહેલો હોય તે સમયગાળો પૂર્ણ થયા પછી

**91 સરકારી કર્મચારી પ્રવાસ દરમ્યાન પ્રાસંગિક રજા ભોગવે તો દૈનિક ભથ્થું મળવા અંગે શું જોગવાઇ છે ?**

**A** દૈનિક ભથ્થું ન મળે

**B** પુરેપુરૂ દૈનિક ભથ્થું મળે

**C** અડધું દૈનિક ભથ્થું મળે

**D** ત્રીસ ટકા દૈનિક ભથ્થું મળે

**92 ગુ. મુ. સેવા (પગાર સુધારણા નિયમ) ૨૦૧૬ અન્વયે કર્મચારીને ઈજાફો ક્યારે મળવાપાત્ર છે?**

**A** જાન્યુઆરી અને જુલાઈ માસમાં

**B** નોકરીમાં હાજર થયા તારીખથી છ માસ બાદ

**C** જુલાઈ માસમાં

**D** જાન્યુઆરી અથવા જુલાઈ માસમાં

**93 નીચેનામાંથી કયો નાણાકીય ઔચિત્યનો સિધ્ધાંત છે?**

**A** સામાન્ય બુધ્ધિ ધરાવતી વ્યક્તિ પોતાના નાણા ખર્ચતી વખતે જે કાળજી રાખે તેવી કાળજી સરકારી નાણા ખર્ચતી વખતે રાખવી

**B** અમુક વ્યક્તિ કે અમુક સમુદાયના લાભ માટે જાહેર નાણામાંથી ખર્ચ કરવો નહિ

**C** પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાને લાભ થતો હોય તેવી રીતે જાહેર નાણાનો ખર્ચ કરવો નહિ

**D** ઉપરના બધા

**94 જમા થયેલ રજા વાપરવા બાબતે શું સૂચના છે?**

**A** કર્મચારી હક્ક તરીકે રજા માંગી શકે

**B** કર્મચારી હક્ક તરીકે રજા માંગી શકે નહિં

**C** અધિકારી મંજૂર ન કરે તો હક્ક તરીકે માંગી શકે

**D** ઉપર માંથી કોઇ નહિ

**95 નિર્વાહ ભથ્થામાંથી કઇ કપાત ફરજીયાત કરવાની રહે છે?**

**A** કર્મચારી બચત મંડળીની કપાત

**B** આવકવેરો

**C** સામાન્ય ભવિષ્ય નિધિની પેશગી ની વસૂલાત

**D** પોસ્ટલ લાઇફ ઇન્સ્યુરંસનુ પ્રીમિયમ

**96 નિવૃત્તિના કેટલા વર્ષ બાદ નિવૃત્તિ સમયે કરાવેલ પેંશનના રૂપાંતરિત હિસ્સાનું પુન:સ્થાપન કરવામાં આવે છે?**

**A** 5

**B** 10

**C** 15

**D** 20

**97 નીચે આપેલ વાક્યો ચકાસો.**

**૦૧. નોકરીમાંથી વય-નિવૃત્ત થતાં એક નાયબ કલેક્ટરને તેઓની મૂળ સેવાપોથી પરત કરવામાં આવે છે.**

**૦૨.જો જન્મની તારીખ અંગે કોઇ દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય તો ગુ.મુ.સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ૨૦૦૨ના પરિશિષ્ટ ૩ માં મેળવેલ તબીબી પ્રમાણપત્રમાં દર્શાવેલ ઉંમરને ખરી ઉંમર ગણવી.**

**A** ૧ અને ૨ સાચાં છે.

**B** ૧ સાચુ છે અને ૨ ખોટું છે.

**C** ૨ સાચું છે અને ૧ ખોટું છે.

**D** ૧ અને ૨ બંન્ને ખોટા છે.

**98** **સેવાપોથીની બીજી નકલ કોની પાસે રાખવાની હોય છે?**

**A** કચેરીના વડા પાસે

**B** કર્મચારી પાસે

**C** વિભાગના વડા પાસે

**D** ખાતાના વડા પાસે

**99** **નીચેનામાંથી કયા સમયનો ફરજમાં સમાવેશ થાય છે?**

**A** અજમાયશી તરીકેનો

**B** તાલીમ માટેનો

**C** હાજર થવાનો

**D** ઉપરના બધાનો

**100** **સરકારી કર્મચારી જ્યારે નહીં ભોગવેલ ફરજ પર હાજર થવાનો સમય બીજા ભાગમાં ભોગવે ત્યારે તે સમયને પગાર ભથ્થાના હેતુસર કઈ રીતે ગણવામાં આવશે.**

**A** ખાસ રજા તરીકે

**B** ખાસ પ્રકારની પરચૂરણ રજા

**C** અર્ધ - પગારી રજા તરીકે

**D** નોકરીમાં તુટ તરીકે

---------------------------------------------